PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ-મેઈલ :- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૧/કવા-૦૩/૧૭-૧૮/ 1950 તા. 23-11-17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ધી પંચવટી હોટલ,
બોમ્બે પેટ્રોલપંપ ની બાજુમા,
ગોડલ રોડ
રાજકોટ
મો: ૭૬૨૪૦ ૨૨૮૫૧

વિષય :-ઈલેકટ્રીકડયુટી ના તફાવત ની રકમ રીફંડ મેળવવા માટે
સંદર્ભ:- આપની અરજી , તા. ૦૩-૧૧-૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૩૧/કવા-૦૩/૧૭-૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ઉદ્યોગનગર પેટા વીભાગીય કચેરી, રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૩૧/કવા–૦૩/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૧૫–૧૧–૧૭ સ્થળ : રાજકોટ

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: પંચવટી હોટલ, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : ઉર્ધોગનગર પેટા વીભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ)

રજુઆત કરનાર :એન.ડી.રૂઘાણી (કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ)

## : હુકમ :

**ફરીયાદ : ઈલેક્ટ્રીકડયુટી ના તફાવત ની રકમ રીફંડ મેળવવા માટે**

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓની હોટલ ના જોડાણ નં: ૩૧૫૦૨/૧૪૦૫૮/૬ છે. તેઓ જણાવે છે કે, સરકાર શ્રી ના નિયમ મુજબ, માહે એપ્રીલ –૨૦૧૬ થી હોટલ ઉર્ધોગ ને ૧૦% વીજકર લગાડવાનો હોય, જેની અમલવારી તેઓને માહે એપ્રીલ –૨૦૧૭ થી કરાયેલ છે. તો વચ્ચે ના સમયગાળા – માહે ઓકટોબર–૧૬ થી માહે માર્ચ–૧૭ સુધી ના સમયગાળા માટે અગાઉ જે ૨૫% વીજકર લેખે વીજબીલ અપાયેલ હોય, અને તે વીજબીલો ને ૧૦% વીજકર લેખે કરી અને તફાવતીય રકમ – રીફંડ મેળવવા માટે ની તેઓની માંગણી છે. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર જણાવે છે કે – અરજદાર પક્ષકાર અને પીજીવીસીએલ પક્ષકાર વચ્ચે તા.૧૦–૧૧–૧૭ ના રોજ ગ્રાહક તકરાર નિવારણ સમીતી ની મીટીંગ મા થયેલ નિષ્કર્ષ મુજબ – અરજદાર ને તેઓના ગ્રાહક નં.: ૩૧૫૦૨/૧૪૦૫૮/૬ મુજબ, માહે સપ્ટેમ્બર–૨૦૧૬ થી હોટલ ના હેતુ સહ વીજ જોડાણ ચાલુ કરેલ હતુ. ત્યારબાદ, સરકાર શ્રી ના જીઆર નં.: જીએચયુ/૨૦૧૬ (૩૨) ઈડી / ૧૨ – ૨૦૧૬ ૩૮૪ /ઈ/ તા.૩૦–૦૩–૨૦૧૬ મુજબ – હોટલ / રેસ્ટોરન્ટ ના હેતુ ધરાવતા વીજ જોડાણ મા – વીજબીલ મા ૨૫ વીજકર ને બદલે ૧૦% વીજકર લગાડવાનો હોય, પરંતુ, ફરીયાદી અરજદાર પાસે ફુડ એન્ડ ડ્રગ્સ નુ લાયસન્સ તા.૧૬–૧૧–૧૬ મુજબ હોય, તે તારીખ થી ૧૦% વીજકર ગણી આપવા પાત્ર હોય, સદર અસરકર્તા સમયગાળા દરમ્યાન ભરપાઈ કરેલ તફાવતીય વીજકર ની રકમ – અરજદાર શ્રી ના સદર બીલીંગ ખાતામા જમા આપવામા આવશે. |

**મુદ્દા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતે જણાવાયેલ છે કે, ફરીયાદી અરજદાર પાસે ફુડ એન્ડ ડ્રગ્સ નુ લાયસન્સ તા.૧૬–૧૧–૧૬ મુજબ હોય, તે તારીખ થી ૧૦% વીજકર ગણી આપવા પાત્ર હોય, સદર અસરકર્તા સમયગાળા દરમ્યાન ભરપાઈ કરેલ તફાવતીય વીજકર ની રકમ – અરજદાર શ્રી ના સદર બીલીંગ ખાતામા જમા આપવામા આવશે. જે અન્વયે ફોરમ કમિટી જણાવે છે કે – અરજદાર શ્રી દ્વારા રજુ કરાયેલ ફુડ એન્ડ ડ્રગ્સ ના તા.૧૬–૧૧–૧૬ મુજબ ના લાયસન્સ ને ફરી વખત – સબંધક કચેરી કક્ષાએથી સંપુર્ણપણે ખરાઈ કરાવીને – સદર જમા આપવા પાત્ર રકમ હવે પછી ની બીલીંગ સાયકલ મા |

| | |
|---|---|
| | – અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ– અરજદાર શ્રી ના બીલીંગ ખાતામા જમા આપી દેવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે – ફરીયાદી અરજદાર દ્વારા ફુડ એન્ડ ડ્રગ્સ નુ લાયસન્સ તા.૧૬–૧૧–૧૬ મુજબ નુ રજુ કરેલ હોય, સદર ફુડ એન્ડ ડ્રગ્સ ના તા.૧૬–૧૧–૧૬ મુજબ ના લાયસન્સ ને ફરી વખત – સબંધક કચેરી કક્ષાએથી સંપુર્ણપણે ખરાઈ કરાવીને સદર જમા આપવા પાત્ર રકમ હવે પછી ની બીલીગ સાયકલ મા – અરજદાર શ્રી તેમજ અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ– અરજદાર શ્રી ના બીલીગ ખાતામા જમા આપી દેવા બાબતે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધ હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.